# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા રેજીઓનલ ચેમ્બરો દ્વારા COVID-19 સંક્રમિત વિસ્તાર સિવાયના વેપાર ઉદ્યોગકારોને છૂટછાટ આપવા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત....

હાલમાં વિશ્વમાં તેમજ ભારતમાં કોરોના મહામારીનો રોગ ચાલી રહયો છે ત્યારે કેન્દ્ર અને રાજય સરકારના સમયસરના પગલા અને લોકડાઉનના કારણે અન્ય દેશોની સરખામણીમાં આપણે ત્યાં ખુબ જ ઓછા કેસો અને મૃત્યુદર ઓછો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રીજીઓનલ ચેમ્બરો દ્વારા લોકડાઉન-૧ અને લોકડાઉન-ર દરમ્યાન વેપાર-ઉદ્યોગકારોએ પોતાના વેપાર-ધંધા સંપુર્ણ બંધ રાખી વહીવટી તંત્રને સંપુર્ણ સહયોગ આપેલ છે. ત્યારે ૩-મે ના રોજ લોકડાઉન પુર્ણ થવાનું હોય ત્યારે શહેર કે જીલ્લાના COVID-19 સંક્રમિત વિસ્તાર સિવાયના બાદ કરી વેપાર-ઉદ્યોગને ચાલુ કરવા માટેની છુટછાટ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને સાવચેતીના પગલા લેવાની શરતે મંજુરી આપવી કારણકે વેપારીઓએ આ સમયમાં ખુબ જ મોટું આર્થીક નુકશાન વેઠયું છે તેમની પાસે ખુબ જ મોટા પ્રમાણમાં સ્ટોક પડયો છે. આ ઉપરાંત નાના વેપારીઓ ખુબ જ માનસિક તણાંવ અનુભવી રહયા છે આવા સંજોગોમાં જો ૩-મે ૨૦૨૦ પછી વેપાર-ઉદ્યોગકારોને છુટ આપવામાં નહી આવે તો ખુબ જ મોટું નુકશાન વેઠવું પડશે જેની કલ્પના કરી શકાય તેમ નથી. વેપારીઓને છુટ આપવાની સાથે સાથે ગ્રાહકોને પણ ખરીદી કરવા માટે નિયમોને આધીન રહી છુટ આપવી અને પોલીસ તંત્ર દ્વારા તેમને રૂકાવટ ન થાય તેની પણ સુચના આપવી જોઈએ. ઉપરાંત ગુજરાત સરકારશ્રીએ ગુમાસ્તા ધારો કેન્સલ કરેલ છે પરંતુ નોટીફિકેશનની જાણ ન હોવાથી વેપારીઓને અવર-જવર માટે જીએસટી નંબર માન્ય ગણવો વગેરે બાબતે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરવામાં આવેલ છે.